રજુ તારીખ ૧૨/૦૩/૨૦૨૬
દાખલ તારીખ ૧૨/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ ૦૭/૦૪/૨૦૨૬
સમયગાળો
વર્ષ–૦૦,માસ–૦૦,દિવસ–૨૬

**<u>ખેડા જીલ્લાના મે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ શ્રીની કોર્ટ સમક્ષ, મુ.નડીઆદ.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૦૦/૨૦૨૬**
**આંક–**

અરજદાર/આરોપી :– **વિજય ઉર્ફે બિટ્ટુ રમેશભાઈ ફગવાણી**
ઉ.વ.૩૨, ધંધો–વેપાર
રહે.જવાહર નગર ઝુલેલાલ સોસાયટી,
મંજીપુરા રોડ,નડીઆદ.

**વિરૂદ્ધ**

સામાવાળા :– સરકારશ્રી,

.........................................................................
**બાબત :– બી.એન.એસ. એકટની કલમ ૪૮૩ (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ જામીન અરજી.**
.........................................................................

.........................................................................
**અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.ટી.બાજપાઈ**
**સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ**
.........................................................................

# –:: ચુકાદો ::–

**(૧)** અરજદાર/આરોપીએ હાલની જામીન અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ (સી.આર.પી.સી. કલમ–૪૩૯) મુજબ નડીઆદ

રુરલ પોલીસ સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૫૨૬૦૦૮૮/૨૦૨૬ બી.એન.એસ કલમ-૬૪(૨)(એમ),૩૫૧(૩) મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા માટે કરેલ છે.

**(૨)** સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ, જે અનુસંધાને શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રી ડી. આર. બારોટ ઉપસ્થિત થયેલ છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વકીલ શ્રી એસ.ટી.બાજપાઇ ઉપસ્થિત રહી રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે કોઇ ગુનો કરેલ નથી સદર ગુનાની ફરીયાદ જોતાં આક્ષેપિત ગુનાનો કોઇ પ્રથમદર્શનીય કેસ ફલિત થતો નથી. અરજદાર/આરોપી પાસેથી ગુનાના કામે કોઇ ચીજવસ્તુ કે માહીતી મેળવવાની બાકી નથી તેમજ મહત્વની તપાસ પૂર્ણ થઇ ગયેલ હોવાનુ માની શકાય જેથી અરજદારને પ્રી ટ્રાયલ કન્વીકશન તરીકે જેલમાં રાખવા યોગ્ય ગણાય નહી.આ કામની ફરીયાદ ૧૧ દિવસ જેટલા લાંબા સમય બાદ આપવામાં આવેલ છે અને ફરીયાદ જોતા મોડી ફરીયાદ કરવાનો કોઈ ખુલાસો પણ ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદીની ફરીયાદ જોતાં ફરીયાદી જાતે જ અરજદાર સાથે પ્રેમ સબંધ હોવાની હકીકત જણાવેલ છે જેથી ફરીયાદી અને અરજદાર વચ્ચે પ્રેમ સબંધ હોઇ બળજબરી પૂર્વક સંભોગ થયેલાનુ પ્રથમદર્શનીય રીતે માની શકાય નહી. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતાં ફરીયાદી અવાર નવાર હોટલમાં અરજદારને મળવા ગયેલાની હકીકત જણાવે છે જે જોતા ખરેખર ફરીયાદીની ઇચ્છા ના હોય તો ફરીયાદી એક વખત ખરાબ અનુભવ થયા બાદ ફરીથી અરજદારને મળવા જાત નહી પરંતુ ફરીયાદી તમામ વખત અરજદારને મળવા ગયેલ છે અને જે વિગતો જ સ્પષ્ટતા કરી જણાવે છે કે અરજદાર સાથે સબંધ રાખવાની ઇચ્છા ફરીયાદીની પણ હતી અને જે બન્યુ તે બન્નેની સંમતીથી થયેલ છે. વધુમાં ફરીયાદી ધ્વારા અલગ અલગ તારીખે અલગ અલગ જગ્યાએ સંભોગ કરેલાનો આક્ષેપ કરવામાં આવેલ છે પરંતુ સમગ્ર ફરીયાદમાં કયારેય કોઇને ફરીયાદીએ આ બાબતે જાણ કરેલ હોય કે કોઇને પોતાની સાથે જબરજસ્તી થતી હોવા અંગે ફરીયાદ કરેલ હોય તેમ બનેલ નથી જેથી પ્રથમ દર્શનીય રીતેજ ફરીયાદીની કન્સેન્ટ રેકર્ડ ઉપર આવે છે અને કન્સેન્ટ હોય ત્યારે તેને બળાત્કાર માની

શકાય નહી.વધુમાં તેમણે જણાવેલ છે કે, નામ.વડી અદાલતના ભગીરથસિંહના ચુકાદામાં જણાવ્યા મુજબ અરજદાર સામે પ્રાયમાફેસી કેસ બનતો હોય તેમ છતાં અરજદાર નાસી ભાગી જાય તેમ ન હોય અને પુરાવા સાથે ચેડા કરે તેમ ન હોય તો અજદારને જામીન આપવા જોઇએ. વધુમાં નામ.વડી અદાલતના ચુકાદા રમેશભાઇ ડાભી વી.ગુજરાતમાં ઠરાવ્યા મુજબ જામીન આપવા તે નિયમ છે અને જેલમાં રાખવા તે અપવાદ છે તે જોતાં પણ હાલના અરજદારને જામીન મુકત કરી શકાય તેમ છે.આમ નામ.વડી અદાલતોના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો જોતાં આરોપીને પ્રી ટ્રાયલ કન્વીકશન રૂપે જેલમાં રાખવા કરતા ટ્રાયલ દરમ્યાન તેઓની હાજરી સુનિશ્ચિ ત થઇ શકતી હોય તેવા કિસ્સામાં આરોપીના જામીન મંજૂર કરવા જોઇએ.વધુમાં અરજદાર નામ.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર હોઇ જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.તેમણે તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદા રજૂ કરેલ છે.

(1) Hon'ble Supreme Court 2025 Lawsuit (SC) 818 AMOL BHAGWAN NEHUL V/S STATE OF MAHARASHRTRA & Ors

(2) Hon'ble High Court of Gujarat 2015 Lawsuit (Guj) 1401 DIPAK JANARDAN PRASAD V/S. STATE OF GUJARAT

(3) Hon'ble high Court of Gujarat R/CRIMINAL MISC APPLICATATION NO.1807 OF 2019 JATINBHAI BALMUKUNDBHAI @ BALUBHAI PATEL V/S STATE OF GUJARAT

(4) Hon'ble Supreme Court 2018 Lawsuit (SC) 1297 DHRUVARAM MURLIDHAR SONAR V/S. STATE OF MAHARASHRTRA

(૪) સામાવાળા સરકાર તરફે વિ.પી.પી. શ્રી ડી. આર. બારોટે રજૂઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપીએ માહે-૦૯/૨૦૨૨ થી ૧૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૯-૩૦ ના સુમારે મોજે મંજીપુરા વિસ્તારમાં ફરીયાદીને ફોસલાવી

પટાવી ,લલચાવી તેને પ્રેમ જાળમાં ફસાવી ફરીયાદી તથા અરજદારે પોતાના ફોનમાં ફોટા પાડી લઈ ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી અવાર નવાર બળજબરીથી શરીર સબંધ બાંધી તેની સાથે સબંધ રાખવા માટે બન્ને બાળકોને મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોઈ અને અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફીરયાદી સાથે રીશ રાખી ફરીયાદી/સાહેદો સાથે ઝઘડો ટંટો કરી મોટો ગુનો કરે તે હકીકતને નકારી શકાય તેમ ન હોઈ તેમજ અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોઈ અને ફરીયાદી તથા અરજદાર/આરોપી નજીકમાં રહેતા હોઈ તેમજ અરજદાર/આરોપીએ સમાજમાં ના શોભે તેવુ અઘટીત કૃત્ય કરેલ હોઈ તેમજ આવા ગુનાઓ અટકે તે માટે અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૫) પક્ષકારોની દલીલો સાંભળી, જામીન અરજી અને તેને સંલગ્ન દસ્તાવેજો, કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા હાલના અરજદાર/આરોપી માહે-૦૯/૨૦૨૨ થી ૧૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૯-૩૦ ના સુમારે મોજે મંજીપુરા વિસ્તારમાં ફરીયાદીને ફોસલાવી પટાવી ,લલચાવી તેને પ્રેમ જાળમાં ફસાવી ફરીયાદી તથા અરજદારે પોતાના ફોનમાં ફોટા પાડી લઈ ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી અવાર નવાર બળજબરીથી શરીર સબંધ બાંધી તેની સાથે સબંધ રાખવા માટે બન્ને બાળકોને મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોઈ તેમજ અરજદાર આરોપીનુ પોલીસ પેપર્સ સાથે રજૂ થયેલ નિવેદન ધ્યાને લેતા તેમાં તેમણે એ હકીકત જણાવેલ છે કે, '' અમારી મરજીથી બે થી ત્રણ વખત એ.જે.પેલેસ નડીઆદ મંજીપુરા રોડ ખાતે મળેલ જયાં મરજીથી શરીર સબંધ બાંધેલ જયાં અમોએ એકબીજાના ફોટા પાડેલા અને આ વાતની જાણ તેના ઘરે થઈ જતા તેણીએ મારી સાથે સબંધ રાખવાનુ બંધ કરેલ તેમજ ફરીથી તેણીને એ.જે.પેલેસ ખાતે મળવા સારુ બોલાવેલ તે દરમ્યાન મે તેની સાથે શરીર સબંધ બાંધવા જણાવતા તે ના પાડતી હોઈ અને પોતે પ્રેગનન્ટ હોવાનુ જણાવતી હોઈ પરંતુ તેમ છતા મે તેની સાથે શરીર સબંધ બાંધેલ'' આમ અરજદાર/આરોપી સામે બળાત્કાર જેવા ગંભીર ગુનાનો આક્ષેપ છે અને અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનુ તપાસ કરનાર

અમલદારના સોગંદનામામાં જણાવેલ છે તેમજ આ કામના અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોતા તે આજીવન કેદની છે.તેમજ હાલમાં સ્ત્રીઓને લગતા બળાત્કારના કેસો દિન પ્રતિદિન વધી રહ્યા છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો આવા પ્રકારના ગુનાઓ કરનાર ઈસમોમાં કાયદાનો ડર ન રહે અને તેઓને પ્રોત્સાહન મળે અને જેના કારણે સમાજમાં ખોટી અસર પડે. તે સંજોગોમાં અરજદારને જામીન ઉપર મુક્ત કરવા માટે ન્યાયોચિત જણાઇ આવતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– : આ ખ રી હુ ક મ : –</u>**

૧. અરજદાર/આરોપી **વિજય ઉર્ફે બિટ્ટુ રમેશભાઇ ફગવાણી** રહે.જવાહર નગર ઝુલેલાલ સોસાયટી,મંજીપુરા રોડ,નડીઆદનાઓની રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની ફોજદારી પરચૂરણ અરજી નં.**૩૦૦/૨૦૨૬** આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૭ મી માહે–એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ :– ૦૭/૦૪/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫